પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૬૯, કુલ પાના:૪, તારીખ: ૧૦-૧૧-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 69 PRICE :-RS. 1.50 DATE : 10-11-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ૧૦ રાજ્યોની ૫૪ બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીનું આજે પરિણામ જાહેર થશે

## બિહાર વિધાનસભાનું પરિણામ: આજે નક્કી થશે પુનરાવર્તન કે પરિવર્તન

ન્યુ દિલ્હી,

આવતીકાલે પરિણામનો દિવસ છે. બિહાર વિધાનસભાની ચુંટણીનું પરિણામ કાલે આવવાનું છે સાથો સાથ ૧૦ રાજ્યોની ૫૪ બેઠકો ઉપર યોજાયેલી પેટા ચુંટણીનું પરિણામ પણ કાલે જ આવશે. ગુજરાતની ૮ બેઠકોની મત ગણતરી પણ કાલે જ થશે. આમ ભારતના રાજકારણ માટે આવતીકાલનો દિવસ ઘણો મહત્વનો છે. કાલે મધ્યપ્રદેશમાં પણ પરિણામો નવાજુની સર્જી શકે છે.





બિહારની ૨૪૩ વિધાનસભા બેઠકો માટે ચૂંટણી પહેલાં આવેલા એક્ઝિટ પોલ માં મુખ્યમંત્રી નીતીશ કુમાર ની વિદાય અને રાષ્ટ્રીય જનતા દળની આગેવાની હેઠળના મહાગઠબંધનની સરકાર બનવાના સંકેત મળી રહ્યા છે. એક્ઝિટ પોલના પરિણામોથી પ્રોત્સાહિત કોંગ્રેસને હવે તેના ધારાસભ્યો તૂટવાનો ભય સતાવવા લાગ્યો છે. કોંગ્રેસ હવે એક્ટિવ મોડમાં આવી ગઈ છે. મતોની ગણતરી બાદ કોંગ્રેસે ધારાસભ્યોને એકજૂથ રાખવા માટે બે વરિષ્ઠ નેતાઓને પટના મોકલ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પાર્ટીના મહાસચિવ અવિનાશ પાંડે અને રણદીપસિંહ સુરજેવાલાને પટના મોકલ્યા છે. ચૂંટણી પરિણામો જાહેર થયા બાદના સંજોગોમાં મેનેજમેન્ટની જવાબદારી આપીને આ બંને નેતાઓને મોકલવામાં આવ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર એક્ઝિટ પોલમાં સત્તારૂઢ જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) ના નેતૃત્વ હેઠળના સત્તારૂઢ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) વચ્ચે નજીકની લડતની આગાહી કરવામાં આવી છે. આવી સ્થિતિમાં વિરોધી છાવણીમાંથી ધારાસભ્યોને ખરીદવા અને વેચવાના પ્રયાસો થઈ શકે છે. તેને જોતા બંને નેતાઓને પટના મોકલી દેવાયા છે. આ બંને નેતાઓ બિહારમાં રોકાશે અને ગઠબંધન સહયોગીઓની સાથે સમન્વય બનાવી રાખશે. મહાગથબંધનમાં આરજેડીની સાથે કોંગ્રેસ અને ડાબેરી પક્ષોનો સમાવેશ થાય છે, જ્યારે એનડીએમાં જેડીયુ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ), જીતનરામ માંઝીની પાર્ટી હમ, મુકેશ સહનીની વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી) છે. જો લડત નજીક રહી અને એનડીએ બહુમતી માટે જરૂરી ૧૨૨ બેઠકોના જાદુઈ આંકડાની નજીક પહોંચે છે, તો પછી વિરોધી પક્ષની છાવણીમાં પ્રવેશવાનો પ્રયાસ કરી શકે છે. આવી સ્થિતિમાં જે પક્ષો ઓછી બેઠકો જીતે છે તે વધુ સંવેદનશીલ બની જશે.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસની યોજના પોતાના તમામ ધારાસભ્યોને પટનાની એક હોટલમાં રાખવાની યોજના ધરાવે છે. ઉલ્લેખનીય છે કે જો પરિણામો એક્ઝિટ પોલના અંદાજો પ્રમાણે જ આવે છે તો મહાગઠબંધનની સરકાર રચાવાનું નક્કી મનાય છે. ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણી ગત તા. ૩જી નવેમ્બરે મતદાન યોજાયું હતું. જેનું પરિણામ આવતીકાલે આવશે.વિધાનસભાની પેટા ચૂંટણીમાં સરેરાશ ૬૦.૭૫ ટકા મતદાન થયું છે. આવતીકાલે સવારથી જ આ તમામ બેઠકો પર મતગણતરીની પ્રક્રિયા શરૂ થશે, જેને લઈ લે ચૂંટણીપંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે .મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ, અબડાસા, લીંબડી અને કપરાડા બેઠક પર પેટાચૂંટણી મા હવે પરિણામનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂકયું છે. આ પરિણામો ભાજપ અને કોંગ્રેસ માટે ખૂબ મહત્વના પુરવાર થશે તે વાતને નિશ્ચિત છે.આઠ બેઠકો માટે થઈને મતગણતરી કેન્દ્રો પણ આઠ નક્કી કરી દેવામાં આવ્યા છે. જેના પર મતગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આવતીકાલે સવારે શરૂ થતી મતગણતરીને લઈને બંને રાજકીય પક્ષોમાં એક વિશિષ્ટ ઉત્સુકતા જોવા મળી રહી છે હાર જીત ના ફેસલા ને લઈને ગરમાવો જોવા મળી રહ્યો છે આઠે આઠ બેઠક જીતવાના દાવા સાથે ભાજપ આગળ વધી રહી છે તો કોંગ્રેસ કેટલી બેઠકો જાળવી શકે છે તે આવતીકાલે ઈવીએમ ખુલ્યા પછી જ ખબર પડશે. આમ રાજ્યની આઠ વિધાનસભા પેટાચૂંટણીમાં કુલ મતદાન ૬૦.૭૫ ટકા નોંધાયું છે.

### કોંગ્રેસે સત્તા પ્રાપ્ત કરવા ૨૮ બેઠકો જીતવી જરુરી

## આજે મ.પ્રદેશની પેટાચૂંટણીના પરિણામ: ભાજપને સત્તા ટકાવી રાખવાનો મોટો પડકાર

ભોપાલ,

બિહાર વિધાનસભાની ચૂંટણીની સાથે સાથે મધ્ય પ્રદેશની ૨૮ બેઠકો પર પણ પેટા ચૂંટણી યોજાઈ હતી. જેનું પરિણામ ૧૦ નવેમ્બરે મંગળવારે જાહેર કરવામાં આવશે. પેટા ચૂંટણીના પરિણામ મધ્ય પ્રદેશની શિવરાજ સરકારનું ભવિષ્ય નક્કી કરશે. મધ્ય પ્રદેશમાં શિવરાજ સિંહ ચૌહાણે પોતાની સરકાર બચાવવી છે તો તેમણે ૯ બેઠકો તો જીતવી જ પડશે. બીજી તરફ મધ્ય પ્રદેશ કોંગ્રેસે પણ જીતનો દાવો કર્યો છે. મહત્વપૂર્ણ છે કે રાજ્યસભાની ચૂંટણી પહેલા જ્યોતિરાદિત્ય સિંધિયાએ કોંગ્રેસમાંથી બળવો કરતા સિંધિયાની સાથે ૨૨ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા જેને કારણે આ બેઠકો ખાલી પડી હતી.



મધ્ય પ્રદેશની ૨૮ બેઠકો પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાંથી ૨૨ બેઠક એવી છે જેમાં કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા અને ભાજપમાં જોડાઈ જતા કમલનાથની સરકાર તૂટી ગઈ હતી અને ફરી શિવરાજ સિંહ ચૌહાણની સરકાર બની હતી. ચોથી વખત મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી બનેલા શિવરાજ સિંહ ચૌહાણ સરકારનું ભવિષ્ય આ ૨૮ બેઠકો પર રહેલુ છે. મધ્ય પ્રદેશમાં અત્યારે ભાજપના ૧૦૭ ધારાસભ્ય છે અને ભાજપને સાદી બહુમતી માટે આ ૨૮ બેઠકમાંથી ઓછામાં ઓછી ૯ બેઠક જીતવી જરૂરી છે. બીજી તરફ જ્યોતિરાદિત્ય સિંધિયા જૂથના ધારાસભ્યોના પક્ષ પલટાથી સત્તા ગુમાવનાર કમલનાથ આ પેટા ચૂંટણી દ્વારા ફરી રાજ્યની સત્તા હસ્તગત કરવાની ક્ષમતા ધરાવે છે. જોકે, તે માટે કોંગ્રેસે તમામ ૨૮ બેઠક જીતવી જરૂરી છે, જે અશક્ય લાગી રહ્યુ છે. મધ્ય પ્રદેશ કોંગ્રેસ મતદાન પછી જીતનો દાવો કરી રહી છે અને રાજ્યમાં કમલનાથ સરકાર બનવાનો વિશ્વાસ છે. મધ્ય પ્રદેશ જનમત એક્ઝિટ પોલ કોંગ્રેસના ૨૮માંથી ૨૭ બેઠક જીતવાનો દાવો કરી રહી છે જ્યારે બસપાને ૧ બેઠક મળી રહી છે. ભાજપને એક પણ બેઠક આપવામાં આવી નથી.

## દિવાળી બાદ ગુજરાતમાં પડશે કાતિલ ઠંડી, વલસાડ સૌથી ઠંડુ શહેર

ગાંધીનગર,



ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી શિયાળાની ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે. મોડી સાંજથી જ ઠંડીનો ચમકારો અનુભવવા લાગ્યો છે. રાજ્યમાં મોટા ભાગે નલિયા સૌથી ઠંડી શહેર રહેતું હોય છે. જો કે હાલમાં નલિયા કરતાં વલસાડમાં લઘુત્તમ તાપમાનનો પારો નીચો રહેતા સૌથી ઠંડું શહેર નોંધાયું છે. આ સિવાય પાટનગર ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન પર ગગડીને ૧૫ ડિગ્રીએ પહોંચ્યું છે. અમદાવાદ શહેરમાં રવિવારે લઘુત્તમ તાપમાન ૧૭.૪ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી નોંધાયું હતું.

હવામાન ખાતા દ્વારા જાહેર કરેલી વિગતો પ્રમાણે ડિસાનું ૧૭ ડિગ્રી, વડોદરાનું ૧૬.૮, સુરતનું ૨૦.૮ ડિગ્રી, વલસાડનું ૧૪ ડિગ્રી, અમરેલીનું ૧૬.૫, ભાવનગરનું ૧૮.૨ ડિગ્રી, દ્વારકાનું ૨૨.૪ ડિગ્રી, પોરબંદરનું ૧૮.૭ ડિગ્રી, રાજકોટનું ૧૭.૧ ડિગ્રી, વેરાવળનું ૨૧.૯ ડિગ્રી, સુરેન્દ્રનગરનું ૧૯.૨ ડિગ્રી, કેશોદનું ૧૬.૬ ડિગ્રી, ભુજનું ૧૯.૬ ડિગ્રી, કંડલા એરપોર્ટનું ૧૮ ડિગ્રી તેમજ નલિયાનું લઘુત્તમ તાપમાન ૧૪.૯ ડિગ્રી નોંધાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવેમ્બરના અંત સુધીમાં રાજ્યમાં કાતિલ ઠંડી પડવાનું શરૂ થઈ જશે. આ વખતે શિયાળાની સિઝનમાં પ્રમાણમાં વધુ ઠંડી પડવાનું નિષ્ણાતો દ્વારા અનુમાન કરવામાં આવ્યું છે. અમદાવાદ સહિત રાજ્યભરના મોટાભાગના શહેરોમાં પરોઢીયે અને મોડી રાત્રિના સમયે ઠંડીનો ચમકારો વધતા લોકો ગરમ કપડા કાઢવાનું શરૂ કર્યું છે. ઉપરાંત અનેક લોકોએ જેકેટ, સ્વેટરની ખરીદી પણ શરૂ કરી છે.

## પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના અસ્થિનું ત્રિવેણી સંગમમાં વિસર્જન

વેરાવળ,

સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના અસ્થિ વિસર્જન આજે ત્રિવેણીસંગમ ખાતે કરવામાં આવેલ. જેમાં સ્વ. કેશુભાઈ પટેલના પરીવારજનો-સ્વજનો, સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે ડી પરમાર, સાથે ટ્રસ્ટના અધિકારી-કર્મચારીઓ, પ્રભાસપાટણના અગ્રણીઓ,તીર્થ પૂરોહિતો સહિત લોકો જોડાયા હતા. આ શાસ્ત્રોક્ત વિધિ ધનંજયભાઈ દવે સાથેના ભુદેવો દ્વારા સંપન્ન કરવામાં આવેલ હતી. આજરોજ ત્રિવેણી સંગમ ખાતે અસ્થિ વિસર્જન વિધિ દરમિયાન કેશુભાઈ પટેલના ત્રણે પુત્રો ભરતભાઈ, અશોકભાઈ અને મહેશભાઈ હાજર રહ્યા હતા. આ સાથે જ તેમના દીકરી સોનલબેન અને જમાઈ મયુરભાઈ પણ હાજર રહ્યા હતા.

## દિવાળી બાદ શાળાઓ શરૂ કરવા માટે શિક્ષણ વિભાગે તૈયાર કરી SOP

ગાંધીનગર,

કોરોના કાળમાં અને શિયાળામાં કોરોના વકરી શકે તે સંભાવનાને ધ્યાનમાં રાખીને દિવાળી પછી શાળાઓ કેવી રીતે શરૂ કરવી તેના માટેની એસઓપી શિક્ષણ વિભાગે તૈયાર કરી લીધી છે. દિવાળી પછી કયા-કયા ધોરણની શાળાઓ શરૂ કરી શકાય અને તેના માટે શું-શું સાવચેતી રાખવી જોઈએ તે તમામ મુદ્દાઓને શિક્ષણ વિભાગે તૈયાર કરેલી એસઓપીમાં આવરી લેવાયા છે.

શિક્ષણ વિભાગે આ સિવાય જે રાજ્યોમાં શાળાઓ શરૂ કરવામાં આવી છે ત્યાંની પરિસ્થિતિનો પણ ઉલ્લેખ કર્યો છે અને ત્યાં શાળાઓ શરૂ કરવા માટે કયા પ્રકારની માર્ગદર્શિકાઓ તૈયાર કરવામાં આવી તે બધી બાબતો આવરી લીધી છે. તેની જોડે-જોડે તેનો કેટલી વ્યવહારુ રીતે અમલ થઈ રહ્યો છે તેની વિગતોની પણ સમીક્ષા કરી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા તૈયાર કરેલી એસઓપીમાં અનેક પ્રકારના સુધારા વધારા કરવાની સૂચનાઓ શિક્ષણ મંત્રી દ્વારા આપવામાં આવી છે. આગામી બુધવારે યોજાનારી કેબિનેટ બેઠકમાં શાળા કોલેજો શરૂ કરવા સંદર્ભમાં તે મુજબ તૈયાર કરવામાં આવેલી એસઓપીને રજૂ કરવામાં આવશે.

તેના પછી તેને આખરી ઓપ આપીને નિર્ણય કરવામાં આવશે. આ અગાઉ જે રાજ્યોમાં શાળાઓ શરૂ કરવામાં આવી હતી ત્યાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં કોરોનાનો ચેપ જોવા મળ્યો છે, તેની સાવચેતી રાખવા માટે પણ શિક્ષણ વિભાગના અધિકારીઓએ ઉલ્લેખ કર્યો છે.

મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....
ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.
મો.9737024962 / 7778024962

## ટ્રમ્પ ખુરશી છોડે તે પહેલાં ચીન વિરુદ્ધ આર્થિક-રાજકીય મોરચે મોટા નિર્ણયો લે તેવી શક્યતા

વોશિંગ્ટન,

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની ચૂંટણીમાં મળેલી હારને હજી સ્વીકારવા માટે તૈયાર નથી તેમ લાગે છે.જોકે હરિફ ઉમેદવાર જો બાઈડેનની જીતની સત્તાવાર જાહેરાત જ બાકી છે ત્યારે એવી આંશકા વ્યક્ત કરાઈ રહી છે કે, પોતાના બચેલા કાર્યકાળમાં ટ્રમ્પ એવુ કરી જશે જેના કારણે બાઈડ્નની રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા બાદની મુશ્કેલીઓ વધી જશે.



ટ્રમ્પે જાન્યુઆરી મહિનામાં વ્હાઈટ હાઉસ છોડવાનુ છે. હવે તેમના શાસનના બાકીના દિવસોમાં ટ્રમ્પ ચીન સામે આર્થિક અને રાજકીય મોરચે મોટા નિર્ણયો લઈ શકે છે. ટ્રમ્પ કોરોના માટે ચીન પર સીધો આરોપ મુકતા આવ્યા છે. તેવામાં અમેરિકાને આ મહામારીના કારણે થયેલા નુકસાનની ભરપાઈ માટે ટ્રમ્પ ચીન પર કેટલાક પ્રતિબંધો પણ લાદી શકે છે.

ચીન સાથે વાટાઘાટો કરનાર ટીમના સભ્ય અને જ્યોર્જટાઉન યુનિવર્સિટીના અધ્યાપક જેમ્સ ગ્રીનનુ કહેવુ છે કે, ટ્રમ્પ સરકારે ક્યારેય કોઈ ચોક્કસ ધારા ધોરણ બનાવ્યા જ નથઈ ત્યારે શાસન હેન્ડ ઓવર કરવાની પ્રક્રિયાને લઈને પણ ચિંતા થઈ રહી છે.ચાઈનિઝ મીડિયાના કહેવા પ્રમાણે પણ વિદેશ નીતિને લગતા નિર્ણયો માટે ટ્રમ્પને સેનેટની મંજૂરી લેવાની પણ જરુરી નથી.આ સંજોગોમાં ટ્રમ્પ ચીન સામે કોઈ આકરો નિર્ણય કરવા પ્રેરાય તો નવાઈ નહી હોય. ટ્રમ્પ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીના સભ્યોના વિઝા પર પ્રતિબંધ લગાવી શકે છે.આ સિવાય ૨૦૨૨માં ચીનમાં યોજાનારી વિન્ટર ઓલિમ્પિકમાં અમેરિકા ભાગ ના લે તેવો પ્રયત્ન પણ કરી શકે છે.

ટ્રમ્પ ચીનથી આયાત થતી વસ્તુઓ પર પહેલા જ જંગી એક્સપોર્ટ ડ્યુટી નાંખી ચુક્યા છે.ચીનના એપ ટિકટોક અને વી ચેટ પણ બેન કરી ચુક્યા છે અને ચીનની હુવેઈ કંપનીની ફાઈવ જી ટેકનોલોજી પર તેમણે જ અમેરિકામાં પ્રતિબંધ મુક્યો છે.ચીન પ્રત્યે અમેરિકાના લોકોની નકારાત્મક ધારણા પણ વધી છે.૭૩ ટકા અમેરિકન ચીન માટે નકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવે છે.આ સંજોગોમાં ટ્રમ્પના લીધેલા નિર્ણયો પાછા ખેંચવા માટે પણ બાઈડેનની સરકાર માટે મોટો પડકાર હશે.

## મોદી સરકારની નોટબંધી અને લોકડાઉનએ હજારો ઘરો બરબાદ કરી નાંખ્યા: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,

મૂળે તેલંગાણાની પણ દિલ્હીની શ્રીરામ કોલેજમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીએ પરિવારની આર્થિક તંગીથી વ્યથિત થઈને આત્મ હત્યા કરી લીધી છે.

આ ઘટનાને આગળ ધરીને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ફરી એક વખત મોદી સરકાર પર નિશાન સાધતા કહ્યુ છે કે, મોદી સરકારની નોટબંધી અને લોક ડાઉને દેશના હજારો પરિવારોને બરબાદ કરી નાંખ્યા છે.આ દુખદ ક્ષણે વિદ્યાર્થિનીના પરિવાર સાથે મારી સંવેદના છે.નોટબંધી અને દેશબંધીએ હજારો પરિવારો બરબાદ કરી નાંખ્યા છે તે સચ્ચાઈ છે.

રાહુલ ગાંધીએ ગઈકાલે પણ નોટબંધી અંગે આરોપ લગાવ્યો હતો કે, નોટબંધી લગાવવા પાછળનો હેતુ પીએમ મોદીના કેટલાક ઉદ્યોગપતિ મિત્રોને મદદ કરવાનો હતો.

દેશમા લોકડાઉન બાદ ઈકોનોમીને મોટો ફટકો વાગ્યો હતો અને તેમાંથી હજી પણ દેશ બહાર આવી રહ્યો નથી.જેના કારણે લાખો લોકોએ નોકરી ગુમાવી છે અને સામાન્ય માનવી પર તેની સીધી અસર પડી છે.લોકડાઉન બાદ હવે તમામ ક્ષેત્રમાં છુટ આપવામાં આવી રહી છે પણ આશ્ચર્યજનક રીતે લોકો લોકડાઉન બાદ ભાવ વધારાનો સામનો પણ કરી રહ્યા છે ત્યારે રાહુલ ગાંધીએ સૂચક રીતે આત્મહત્યાની ઘટના અંગેની જાણકારી સોશ્યલ મીડિયા પર શેર કરી છે.

## ખરાબ એર ક્વોલિટીવાળા રાજ્યોમાં ૩૦ નવેમ્બર સુધી ફટકડા ફોડવા પર પ્રતિબંધ

ન્યુ દિલ્હી,

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલનો ફટાકડા મુદ્દે એક મહત્વપૂર્ણ આદેશ કર્યો છે. એનજીટીએ ફટાકડા મુદ્દે દેશના તમામ રાજ્યો પર નિર્ણય છોડ્યો છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે પોતાના આદેશમાં જણાવ્યું છે કે ૨૦૦થી વધુ એક્યુઆઈ હોય ત્યાં જે તે રાજય નિર્ણય કરે કે દિવાળીમાં ફટાકડા ફોડવા કે નહીં. પરંતુ દિલ્હી–એનસીઆરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. કોવિડ વૃદ્ધિની સંભાવનાને જોતા ડ્રાઈવનો આદેશ પણ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે આપ્યો છે. વાયુ પ્રદૂષણ રોકવા ડ્રાઈવ યોજવાનો નિર્દેશ અપાયો છે.

દેશના એવા રાજ્યો અને શહેરોમાં જ્યાં વાયુની ગુણવત્તાની પરિપૂર્ણતા ખરાબની કેટેગરીમાં છે, ત્યાં ફટાકડાના ઉપયોગ અને વેચાણ પરના પ્રતિબંધ અંગે એનજીટીનો આદેશ ૯ નવેમ્બરની મધ્યરાત્રીથી ૩૦ નવેમ્બરની મધ્યરાત્રી સુધી લાગુ રહેશે. શહેરોમાં જ્યાં આસપાસની હવાની ગુણવત્તા મધ્યમ છે, ત્યાં ફક્ત ગ્રીન ફટાકડા વેંચી શકાય છે. ફટાકડા ફોડવા માટે માત્ર બે કલાકનો આદેશ આપવામાં આવ્યો છે.

ગુરુવારે એનજીટીના અધ્યક્ષ ન્યાયાધીશ આદર્શ કુમાર ગોયલની ખંડપીઠે આ કેસમાં પોતાનો આદેશ આપતા પહેલા સંબંધિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સાથે ફટાકડા ફોડનારા સંગઠનની સુનાવણી કરી હતી. ભારતીય ફાયરવર્ક મેન્યુફેકચર્સ એસોસિએશન વતી વરિષ્ઠ એડવોકેટ મહેશ જેઠમલાણીએ દલીલ કરી. અમિકસ તરીકે વરિષ્ઠ એડવોકેટ રાજ પંજવાણીએ પણ કેન્દ્ર અને સીપીસીબીની દલીલો સાંભળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી-એનસીઆરમાં વધી રહેલા વાયુ પ્રદૂષણને ધ્યાને લઈ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલએ મોટો નિર્ણય આપ્યો છે. એનજીટીએ સોમવારે પોતાના આદેશ આપતાં દિલ્હી-એનસીઆરમાં ૩૦ નવેમ્બર સુધી ફટાકડાં ફોડવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે બાકી રાજ્યોમાં જ્યાં એર ક્વોલિટી ખરાબ કે ખતરનાક સ્તર પર છે, ત્યાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ હશે.

## પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરીની પ્રગતિ અંગે

# બાલાસિનોરના લાભાર્થી સાથે CM ડેશબોર્ડના માધ્યમથી સીધો સંવાદ કરતા મુખ્ય મંત્રી

લુણાવાડા,

સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સીએમ ડેશબોર્ડના માધ્યમથી પ્રજા સાથે સીધો જનસંવાદ કરી રહ્યા છે. તેટલું જ નહીં પણ મુખ્યા મંત્રી વિજયભાઇ રૂપાણી અવાર–નવાર જાહેરમાં કહે છે કે, ખોટો લાભ ન લઇ જાય અને સાચો રહી ન જાય તે માટે તેઓ પોતે યોજનાઓના અમલીકરણ અને પ્રગતિની કામગીરી પર સીધી નીગરાની પણ રાખી રહ્યા છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

આમ સી.એમ. ડેશબોર્ડ પ્રજાલક્ષી યોજનાઓના મળતા લાભ અંગે લાભાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે. લાભાર્થીઓ મુખ્યમંત્રીના આ પ્રજા વત્સલ અભિગમને વખાણી રહ્યા છે. આવો જ કંઇક અનુભવ મહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભ મેળવનાર લાભાર્થી વ્યક્ત કરી રહ્યા છે. વાત જાણ એમ છે કે, બાલાસિનોર નગરના રોહિતવાસમાં રહેતા સ્વ. હિરાભાઇ ચૌહાણને સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત રૂા. ૩.૫૦ લાખની સહાય મળી હતી. આ સહાયમાંથી તેમનું નવુ મકાન તૈયાર થતા ઉનાળાની ધોમધખતી ગરમી હોય કે વર્ષાઋતુ દરમિયાન ઘરમાં પડતું વરસાદનું પાણી હોય તેને લીધે પડતી મુશ્કેલીનો તેમજ શૌચાલયની જે સગવડ નહોતી તેની સગવડ મળતા હવે આ બાબત તેમના પરિવાર માટે ભૂતકાળ બની ગઇ છે. અને આજે તેમનો પરિવાર પ્રધાનમંત્રી આવાસ યોજનાના પાકા મકાનમાં સુરક્ષિત જીવન વિતાવી રહ્યો છે.

બાલાસિનોર નગરના લાભાર્થીના પુત્ર હિતેશભાઇ ચૌહાણે એક રૂબરૂ મુલાકાતમાં આ બાબતે પૂછતાં તેમણે જણાવ્યુંન કે, મારા પિતા હિરાભાઇ ચૌહાણે બાલાસિનોર નગરપાલિકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અરજી કરી હતી જે અરજી મંજૂર કરવામાં આવતાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ તેમનું આવાસ મંજુર થયું હતું.

આ યોજના હેઠળ આવાસ મંજૂર થયું તે પહેલાં તેઓ પરિવાર સાથે કાચા અને જર્જરિત મકાનમાં રહેતા હતા. તે દરમિયાન ઘરમાં ભેજ તથા ચોમાસામાં ઘરમાં પાણી પડતું હોવાથી રાત્રે તથા દિવસે પણ ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. આટલું જ નહીં પણ અમારા આ ઘરમાં શૌચાલયની સગવડ ન હોવાના કારણે પણ ઘણી તકલીફ વેઠવી પડતી હતી. મારા પિતાએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂા.૩.૫૦ લાખની સહાય મેળવવા માટે અરજી કરી હતી જે અરજી મંજૂર થતાં પાકુ આવાસ બનાવવા માટેનો માર્ગ મોકળો થતાંની સાથે જ ઝડપથી પાકુ મકાન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

આ કામગીરી દરમ્યાન સી.એમ. ડેશબોર્ડ પરથી અનેક વખત નિયમિત મકાનના હપ્તા મળે છે કે કેમ તે અંગે મુખ્યઓ મંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા પુછપરછ કરવામાં આવતી હતી તેમજ સંવેદનશીલતાથી આવાસના કામની પ્રગતિ અંગે માહિતી મેળવતા હતા તેટલું જ નહીં પણ મુખ્યુ મંત્રી મકાનનું બાંધકામ કેટલે આવ્યું, કામ બરાબર ચાલે છે કે કેમ તેમ પણ પૂછતાં હતા. જેને કારણે અમારા ઉત્સાંહમાં વધારો થતો હતો.

મુખ્ય મંત્રી દ્વારા લેવામાં આવી રહેલી આ કાળજીને કારણે અમારા મકાનનું કામ નિર્વિઘ્ને પુરૂં થઇ ગયુ હતું. આ સમય દરમિયાન અચાનક મારા પિતાનું આકસ્મિક અવસાન થતા અમારા પરિવારે પિતાનુ છત્ર ગુમાવી દીધુ હતું પરંતુ આજે સંવેદનશીલ સરકારની સંવેદના થકી મારી ગંગા સ્વરૂપા માતા અને અમારો પરિવાર આ આવાસરૂપી છત્રના લીધે આજે સુરક્ષિત હોવાનું અનુભવી રહ્યા છે. સરકાર તરફથી મળેલી આ સહાય બદલ તેઓએ પ્રધાનમંત્રી નરેદ્રભાઇ મોદી સાહેબ અને સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારનું ઋણ અદા કરવા માટે મારી પાસે શબ્દો ન હોવાનું લાભાર્થીના પુત્ર હિતેશભાઇ ચૌહાણ જણાવી રહ્યા છે.

આમ સંવેદનશીલ અને નિર્ણાયક મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શનમાં સરકાર દ્વારા જનકલ્યાણકારી યોજનાઓનો લાભ આપ્યા પછી પણ તે અંતર્ગત થયેલ કામગીરીની પ્રગતિ જાણવા માટે સી.એમ. ડેશ બોર્ડના માધ્યોમથી અમારા જેવા પરિવારો સાથે મુખ્યા મંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા સીધી વાત કરવામાં આવે છે તે મોટી વાત હોવાનું જણાવી મુખ્ય મંત્રીનો આ પ્રજાલક્ષી અભિગમ અમારા જેવા પરિવારો અને લાભાર્થીઓ માટે આશીર્વાદરૂપ હોવાનું પણ કહ્યું હતું.

## મહીસાગર જિલ્લામાં ૯ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર દરમિયાન મતદાર યાદીની સુધારણા કાર્યક્રમ યોજાશે

લુણાવાડા,

ભારતના ચૂંટણી પંચ દ્વારા ૦૧–૦૧–૨૦૨૧ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ આજે તારીખ ૦૯ નવેમ્બરથી પ્રારંભ થઈ ગયો છે. મતદારયાદી શુધ્ધતા કાર્યક્રમમાં મતદાર યાદીમાં નામોની નોંધણી કરવી. મતદાર યાદીમાં મતદારોની વિગતોમાં સુધારો કરવા અને અવસાન પામેલ, સ્થળાંતરીત મતદારોના નામ અને મતદાર યાદીમાંથી દુર કરવા, ઓળખકાર્ડમાં રહેલી ભુલો દુર કરવી, મતદરાના કલર ફોટોગ્રાફ્સ મુકવા, ઈમેજ સુધારવી સહિત મતદાર યાદી શુધ્ધતા બાબતે સુધારો કરવા અંગેની ઝુંબેશ ચૂંટણી પંચ દ્વારા મતદાર ચકાસણી કાર્યક્રમ શરૂ થનાર છે.

મહીસાગર જિલ્લામાં ૦૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ મતદાનની લાયકાત ધરાવતા નવા યુવા મતદારો તેઓના નામની નોંધણી કરાવી શકશે. જિલ્લામાં ૦૯ નવેમ્બર થી ૧૫ ડિસેમ્બર દરમિયાન ચાલનાર આ કાર્યક્રમમાં ખાસ ઝુંબેશ અંતર્ગત નજીકના મતદાન મથકો પર ૨૨ અને ૨૯ નવેમ્બર તેમજ ૦૬ અને ૧૩ ડિસેમ્બર એમ ચાર રવિવારના રોજ સવારે ૧૦ કલાકથી સાંજના ૫–૦૦ કલાક સુધી મતદારો સુધારા વધારા કરાવી શકશે. નવીન મતદારોએ મતદાર યાદીમાં નામ દાખલ કરવા ફોર્મ નંબર ૦૬, નામ સામે વાંધો લેવા અને રદ કરવા ફોર્મ નંબર ૦૭ તેમજ વિગતમાં સુધારો કરવા ફોર્મ નંબર ૦૮ અને નામ તબદીલ કરવા ૦૮–૦કમાં અરજી કરવાની રહેશે. નવું એપીક કાર્ડ મેળવવા ઈચ્છતા મતદારો જિલ્લા અને તાલુકા સહાયતા કેન્દ્રમાં રૂા. ૩૦ ભરી નવું ઓળખકાર્ડ મેળવી શકશે.

તા.૦૯ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધી મતદાર ચકાસણી કાર્યક્રમમાં (NVSP પોર્ટલ) મતદાર હેલ્પ લાઇન, વોટર હેલ્પ લાઇન મોબાઇલ એલ્પીકેશન, મતદાર અધિકારીની કચેરી તેમજ એસ.એમ.એસ ECI (SPACE) મતદાર ઓળખકાર્ડ નંબર લખી ૧૯૫૦ નંબર પર મેસેજ કરી તેમજ ૧૯૫૦ નંબર પર સંપર્ક કરી ચકાસણી કરી શકાશે. તેમજ જરૂરી પુરાવા સાથે www.nvsp.in અને www.ceo.gujarat.gov.in પર ઓનલાઇન અરજી કરી શકાશે.

મતદાર યાદી સુધારણામાં આગામી ૦૧–૦૧–૨૦૨૧ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરી લાયકાત ધરાવતા મતદારો આ મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરી શકશે, જે તે ભાગમાંથી નામ કમી કરી નવી જગ્યાએ ઉમેરવાનું થતુ હશે તો તે નિયત ફોર્મ ભરી કાર્યવાહી કરી શકાશે ફોર્મ નંબર–૬,૭,૮ મેળવી ચૂંટણી મતદાર યાદી સંદર્ભે કામગીરી હાથ ધરી શકાશે. સ્થળાંતરીત નવા મતદારો પોતાનું નામાંકન કરાવી શકશે. આ મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમમાં મહીસાગરવાસીઓને તેનો લાભ લઇને જિલ્લા વહીવટીતંત્રને સહકાર આપવા જિલ્લા કલેક્ટર આર. બી. બારડે અપીલ કરી છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૧૧ પોઝિટિવ કેસ :

# જિલ્લામાં કોરોના ના કુલ ૧૩૩૬ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર.બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૯–૧૧–૨૦૨૦ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૩૩૬ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૨૪૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૭૫૪૧૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૯ દર્દી હોમ આઇસોલેશન, ૦૮ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૨ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## ડાકોરમાં દિવાળી નિમિત્તે રણછોડરાયજી મંદિરના દર્શનના સમયમાં ફેરફાર



ડાકોર,

દિવાળી નજીક આવી ગઇ હોવાને કારણે રાજયમાં આવેલા કેટલાંક મંદિરોના સમયમાં ફેરફાર કરવામાં આવી રહ્યાં છે. નોંધનીય છે કે, કોરોના મહામારીને કારણે હાલમાં ઘણાં ખરા મંદિરોના સમયમાં ફેરફાર કરાયો છે. ત્યારે ભક્તોનું આસ્થારૂપી મંદિર ડાકોરના રણછોરાયજી મંદિરના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મંગળા આરતીથી લઈને શયન આરતી સુધીમાં તમામ સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, દિવાળી નજીક આવી હોવાંથી ભક્તોની આસ્થાને ધ્યાનમાં રાખીને ડાકોરના મંદિરમાં સમયમાં ફેરફાર કરાયો છે. મંદિરમાં સવારે ૬:૪૫ કલાકના અરસામાં મંગળા આરતી થશે. સવારે ૬:૪૫ થી ૯:૦૦ વાગ્યા સુધી દર્શન માટે મંદિર ખુલ્લું રહેશે. ૧૪ નવેમ્બરના રોજ હાટડી દર્શન થશે. સવારે ૯ વાગ્યા બાદ ઠાકોરજી ભોગ આરોગવા બિરાજમાન થશે. સવારે ૯:૩૦થી ૧૧:૧૫ કલાક સુધી દર્શન માટે મંદિર ખુલશે. બાદમાં બપોરે ૧૨ કલાકે ભગવાનના રાજભોગ દર્શન થશે અને ત્યાર બાદ ભગવાન પોઢી જશે. ૧૫મીએ ભગવાનનો અન્નકુટ ઉત્સવ ઉજવાશે. બપોરે ૩:૩૪ કલાકે નિજ મંદિર ભક્તોના દર્શન માટે ખુલ્લું મુકવામાં આવશે. અંતે બપોરે ૪:૦૦થી ૫:૨૦, બપોરે ૫:૪૦થી ૬:૩૦ અને ત્યાર બાદ ૭:૧૫એ સુખડીભોગ ધરાવીને ભગવાન પોઢી જશે.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તબીબો ઉપરાંત નર્સ સ્ટાફની રજાઓ રદ


અમદાવાદ,

રાજયમાં ઠંડીના વધતા ચમકારા વચ્ચે વધતા કોરોના કેસને લઈને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તબીબો ઉપરાંત નર્સિંગ-પેરામેડિકલ સ્ટાફની રજાઓ રદ કરવામાં આવી છે. આ ઉપરાંત શહેરની ૫૦૦થી વધુ ખાનગી હોસ્પિટલના તબીબોએ પણ દિવાળી વેકેશનમાં ફરજ બજાવવા નક્કી કર્યુ છે. તબીબોએ ચેતવણી ઉચ્ચારી છેકે, શિયાળામાં કોરોનાના કેસો વધી શકે છે.

ત્યારે બીજી તરફ દિવાળી વેકેશનમાં કોરોનાના દર્દીઓને સમયસર સારવાર મળે તે માટે તબીબોની રજા રદ કરવાનો નિર્ણય કરાયો છે. દિવાળીના તહેવારોને લઈને માત્ર કોરોના જ નહી અન્ય રોગના દર્દીઓને પણ તાકીદે સારવાર મળી રહે તે માટે નિર્ણય કરવામાં આવ્યો છું.

### સરકારનું વિરોધાભાસી વલણ

## સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં બાળકોને પ્રવેશ, પરંતુ જંગલ સફારીમાં પ્રવેશ નહીં



અમદાવાદ,

સરકારે કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીને પ્રવાસીઓ માટે શરૂ કરી દીધું છે, પરંતુ અહીં સરકારે વિરોધાભાસી વલણ દાખવ્યુ છે. કોરોના વાઈરસના પગલે સરકારે બહાર પાડેલી એસઓપીના લીધે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં કોઈપણ પ્રકારની ઉંમર મર્યાદા રાખવામાં આવી નથી, પરંતુ જંગલ સફારીમાં દસ વર્ષથી ઓછા બાળકોને પ્રવેશ આપવામાં આવતો નથી.

હવે જે પરિવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવ્યું હોય તે જંગલ સફારી જોવા જવાનું જ છે, તો પછી શું તે તેના દસ વર્ષથી નાના બાળકને બહાર બેસાડીને જાય, તેના બદલે પછી તે જંગલ સફારી જ ન જોવાનું પસંદ કરે. આમ સરકારનો આ નિર્ણય તેની જ આવકને ફટકો મારે છે.

તંત્રના આ નિયમના લીધે કેવડિયા પહોંચી ગયેલા પ્રવાસીઓને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. તેઓને ખબર જ નથી કે આ પ્રકારનો નિયમ ક્યારે લાગુ પડ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૩૧મી ઓક્ટોબરે જંગલ સફારીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તેની એસઓપી મુજબ દસ વર્ષથી વધારે ઉંમરના લોકોને જ જંગલ સફારીમાં પ્રવેશ આપવામાં આવે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૦-૧૧-૨૦૨૦, મંગળવાર, નિજ આસો વદ-૧૦, સૂર્યોદય-૬-૫૭, સૂર્યાસ્ત-૬-૦૪, જૈન નવકારશી-૭-૪૫, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્ર: મઘા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૦૮થી અભિજીત ૧૨-૫૩ સુધી, ૯-૪૪ થી ચલ-લાભ-અમૃત-૧૩-૫૪ સુધી, ૧૫-૧૭થી શુભ-૧૬-૪૧ સુધી, ૧૯-૪૧થી લાભ-૨૧-૧૭ સુધી, ૨૨-૫૪ થી શુભ-અમૃત-ચલ-૨૭-૪૪ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૪૮થી ૧૧-૩૫ સુધી, ૧૨-૩૧થી ૧૩-૨૬ સુધી, ૧૫-૧૭ થી ૧૮-૦૪ સુધી, ૧૯-૦૮ થી ૨૦-૧૩ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૦.૧૧.૨૦૨૦ મંગળવાર

મેષ(અ.લ.ઈ.):-આત્માવિશ્વાસ વધારવો અગત્યના કાર્યો બાબત નિર્ણય લઇ શકાય નોકરીમાં લાભ કર્જ ન કરવું.

વૃષભ(બ.વ.ઉ.):-કોર્ટ કચેરી સંબંધિત કાર્યોમાં સુખદ ઉકેલ આવવાની શકયતા. અધિકારી વર્ગ સાથે આત્મીયતા રાખવી.

મિથુન(ક.છ.ઘ.):-હૃદયસ્પર્શી શુભાશુભ ઘટના બને યુવા વર્ગને મનગમતી વ્યકિતની મુલાકાત થાય પ્રવાસનો યોગ.

કર્ક(ડ.હ.):-આત્મવિશ્વાસને કાબુમાં રાખવો જરૂરી પરિવારનાં સભ્યો સાથે દલીલબાજીથી દૂર રહેવાની સલાહ છે.

સિંહ(મ.ટ.):-લખાણ કે દસ્તાવેજોના કાર્યોમાં સફળતા સમાજીક પ્રતિષ્ઠા વધે. નોકરીમાં ઉપર વર્ગ સાથે ચર્ચા થાય.

કન્યા(પ.ઠ.ણ.):-આવકનું પ્રમાણ જળવાઈ રહે. સ્વાસ્થ્ય બાબત સામાન્ય પ્રશ્નો રહે ગુસ્સાને કાબુમાં રાખજો.

તુલા(ર.ત.):-દિવસ દરમ્યાન માંગલીક કાર્યોમાં સફળતા રહે. કાર્યક્ષેત્રેનો વિકાસ થાય. શેર સાટ્ટામાં અનુકુળતા રહે.

વૃશ્ચિક(ન.ય.):-નવા રોકાણની ઈચ્છા ફળવાની નોકરીમાં મનગમતી જગ્યા મલે અંધશ્રધ્ધાથી દુર રહેજો.

ધન(ભ.ધ.ફ.ઢ.):-સંતાનોની પ્રગતિ રહે. સંસ્થામાં સારો હોદ્દો મલે રાજકીય લાભ માનસિક તનાવ હળવો થાય નવી યોજનામાં લાભ.

મકર(ખ.જ.):-લગ્નજીવનમાં ગેરસમજોની શકયતા વિદેશથી લાભ મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ન ધારેલી સફળતા.

કુંભ(ગ.શ.સ.):-વિલવારસાના પ્રશ્નોમાં અનુકુળતા રહે. મિત્રોનો સહકાર મલવાનો. નોકરીમાં કોઈ મહત્વના પરિવર્તન રહે.

મીન(દ.ચ.ઝ.):-આવક વધારવાના પ્રયત્નો ફળે સરકારી કાર્યોમાં અનુકુળતા માતુશ્રીનો સહકાર સારો રહે.

### સંક્રમણના કુલ કેસ ૮૫,૫૩,૬૫૭, એક્ટિવ કેસ ૫,૦૯,૬૭૩, રિકવરી રેટ ૯૨.૬૦%

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૫,૯૦૩ કેસ નોંધાયા, ૪૯૦ના મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૪૫૯૦૩ કેસ




નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૫૫૩૬૫૭ સુધી પહોંચી ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૪૮૪૦૫ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૯૧૭૩૭૩ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૫૦૯૬૭૩ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૪૯૦ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૨૬૬૧૧ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૨.૬૦ ટકા સુધી પહોંચ્યો છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૫૦૩૭૦૭૯૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૨૫૫૯૭૯ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૩૩૦૨૮૮૭૭ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૬૦૮૬૧૧૯ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## સતત પાંચમાં દિવસે ઈન્કમટેક્ષ વિભાગનો સપાટો

# ગોધરા સહિતના વિસ્તારોના વેપારીઓ પાસેથી રૂા.૧૫૦ કરોડનું કાળું નાણું ઝડપાવાની શકયતાઓ




ગોધરા,

વડોદરા ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા સતત પાંચમાં દિવસે પણ સપાટો જાળવી રાખીને સર્ચ અભિયાન ચાલુ રાખ્યું હતું. આજે સોમવારે પણ ગોધરા તથા આસપાસના વિસ્તારમાં વેપારીઓને ત્યાં ઈન્કમટેક્ષ પાડેલા દરોડામાં બે હિસાબી રૂા.૧૫૦ કરોડ ઉપરાંતનું કાળું નાણું બહાર આવવાની શકયતાઓ સેવાઈ રહી છે. પાંચ દિવસ બાદ પણ ચોકકસ આંકડો બહાર આવ્યો નથી. ત્યારે તંત્ર કયારે આંકડો જાહેર કરશે. તે તંત્ર જ કહેશે.

છેલ્લા કેટલાક સમયથી ગોધરા શહેરમાં ફાયનાન્સ, ઓટોમોબઈલ તથા અન્ય ક્ષેત્રમાં આંધળી કમાણી કરનાર વેપારીઓ પોતે છુપી આવક ધરાવે છે. દિવસ–રાત આંધળી કમાણી કરનાર વિરૂદ્ધ દિવાળી પૂર્વે લાંબા સમય બાદ ઈન્કમટેક્ષ વિભાગે દરોડો પાડીને સપાટો બોલાવ્યો હતો. ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા સપાટો બોલાવીને બે હિસાબી આવક મેળવવાની કવાયત હાથ ધરી હતી. લાંબા સમય બાદ ઈન્કમટેક્ષ વિભાગે હાથ ધરેલી કાર્યવાહી દરમ્યાન અન્ય વેપારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી. પાંચ દિવસ દરમ્યાન ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમ્યાન ૨૦ વેપારીઓને ત્યાં ૧૫ જેટલી વડોદરા ઈન્કમટેક્ષ વિભાગે દરોડો પાડયો હતો. ૧૫ જેટલી વડોદરા ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા ગોધરા તથા વેજલપુર વિસ્તારમાં આવેલ વેપારીઓને ત્યાં ૨૪ સ્થળો એ દરોડો પાડતા શહેરભરમાં હાહાકાર પ્રસરી ગયો હતો. ફાયનાન્સ તથા ઓટોમોબાઈલ્સ અન્ય ક્ષેત્રમાં કામ કરનાર વેપારીઓ ત્યાં ઈન્કમટેક્ષ દરોડો પાડીને બિલ તથા સોનું–ઝવેરાત ઝડપી પાડયું હતું. લાંબા સમય બાદ ઈન્કમટેક્ષ વિભાગે હાથ ધરેલી કાર્યવાહીના પગલે વેપારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી. આવકવેરા વિભાગ દ્વારા પાંચ દિવસ સુધી ચાલેલી કાર્યવાહી છતાં બેનંબરી હિસાબ આંકડો બહાર આવ્યો નથી. એક અંદાજ મુજબ પાંચમાં દિવસે પણ વડોદરા ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા સર્ચ અભિયાન જાળવી રાખીને બેહિસાબી આવક શોધવાની કવાયત હાથ ધરતા એક અંદાજ મુજબ દોઢ સો કરોડનું કાળું નાણું બહાર આવવાની શકયતાઓ સેવાઈ રહી છે. સતત સોમવારના રોજ પણ અન્ય વેપારીઓ પણ પોતાના વહેપાર ધંધા પણ બંધ રાખ્યા હતા. નજીકમાં દિવાળી તહેવાર આવી રહ્યા હોવાને લઈ તેમજ આવા સમયે બેહિસાબી આવક રળનાર વેપારીઓ પણ કાળું નાણું છુપાવવા માટે અન્ય ક્ષેત્રોમાં રોકાણ કર્યું હતું. આ બે નંબરી રોકાણ કરનાર વેપારીઓ સામે સકંજો કસીને ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવતાં અન્ય વેપારીઓમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી.

### સરકારી અધિકારી સાથે ની લેવડ દેવડ બહાર આવશે

ગોધરા તથા આસપાસન ૨૪ સ્થળો એ ઈન્કમટેક્ષ વિભાગે દરોડો પાડીને સપાટો બોલાવ્યો હતો. પોલીસ તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા દરોડો પાડીને બિનહિસાબી આર્થિક વ્યવહાર બહાર આવે તેવી ભીતિ સાથે ગુપ્ત ડાયરીઓ મળી આવી હતી. ઈન્કમટેક્ષ વિભાગે હાથ ધરેલ સર્ચ અભિયાનરૂપ ડાયરીઓ હાથ મેળવી હતી. આ ડાયરીઓમાં લખેલ લાખોના હિસાબ મેળવવાની કવાયત હાથ ધરાયેલી છે. આ ગુપ્ત ડાયરીઓમાં બેહિસાબી વ્યવહાર હાથ લાગ્યા હોવાનું જાણવા મળે છે. ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા આ સર્વેમાં ગુપ્ત ડાયરીઓ હાથ લાગતા સરકારી અધિકારીઓ સાથે આર્થિક લેવડ–દેવડ કરી હોવાનું જાણવા મળે છે.

- ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓના ખાંખાખોળા.
- પોલીસ તથા ઉચ્ચ અધિકારીઓની ફોજ ઉતરી આવીને લેવડ-દેવડ તથા ઝવેરાત ઝડપવાની કવાયત.
- ૧૫ જેટલી ટીમો દ્વારા બે હિસાબી આવક મેળવવા સર્ચ.
- સતત પાંચમાં દિવસે પણ હિસાબ મેળવવામાં તકલીફ.
- અગામી સમયમાં સ્પષ્ટ આંકડો જાહેર થવાની શકયતાઓ.

## શહેરાના વેપારી દાહોદ ગયા નથી, છતાં તેમના ઘરે નિયમ ભંગનો આવ્યો ઈ-મેમો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના વેપારી દાહોદ ગાડી લઈને ગયા નથી છતાં તેમના ઘરે નિયમભંગ બદલ ૫૦૦ રૂપિયાનો ઈમેમો આવતા તેઓ વિચારમાં પડી ગયા હતા. વેપારીને આવેલ ઈ– ચલણમાં કાર પણ તેમની નહીં હોવાથી આ મામલે દાહોદ પોલીસ વિભાગમાં રજૂઆત કરી છે.

શહેરા નગરમાં વર્ષોથી રહેતા ચંદ્રકાંતભાઈ ખેમચંદભાઈ પદવાણી ઈલેક્ટ્રોનિક્સના વેપાર સાથે સંકળાયેલા છે. તેમના શિવમ સોસાયટી ખાતેના નિવાસ સ્થાને દાહોદ શહેર કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમ ખાતેથી પોસ્ટ દ્વારા ૫૦૦ રૂપિયાનુ ઈ–ચલણ નો મેમો આવતા તેઓ એક સમયે વિચારમાં પડી ગયા હતા. તેઓ અને તેમના પરિવારના કોઈપણ દાહોદ ગયા ના હોવા છતા ઈ–ચલણ મેમો આવતા પોલીસ તંત્ર સામે તેઓની નારાજગી જોવા મળી હતી. આ બાબતે નગરના અગ્રણી વેપારી તરીકે છાપ ધરાવતા ચંદુભાઈ જણાવ્યુ હતું કે, પોતાની ગાડી લઈને દાહોદ ગયા નથી. તેમની પાસે જે નંબરની ગાડી નો નંબર કરતા પાછલા બે નંબર પણ અલગછે. ઈ – મેમોમા ફોટો જે કાર નો છે. તે ગાડી પણ મારી નહી હોવાથી મે પોલીસ વિભાગના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમને જાણ કરી છે. મહત્વનુ છે કે કેમેરામાં કેદ કરતી વખતે જે તે ફરજ પરના કર્મીએ આ વાહનો ગાડી નંબર દેખ્યો હશે કે નહીં તેમજ પોલીસના ઉચ્ચ અધિકારી દ્વારા આ બાબતની ગંભીરતા લઈને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે ખરી? કે પછી આ વેપારી ને દાહોદ ખાતેનો ધક્કો ખાવો પડશે તે જોવું બની રહ્યું છે.

## ગોધરા ધનોલ જંગલમાં જુગાર રમતા પાંચ ઈસમોને ૪૨ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

ગોધરા,

ગોધરા પંચામૃત ડેરી સામે ધનોલ જંગલમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન પાંચ ઈસમોને ૪૨,૩૫૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા પંચામૃત ડેરી સામે આવેલ ધનોલ જંગલમાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ગોવિંદ કાંતીભાઈ ગુજ્જર, જયંતિ નુભાઈ ખોરી, સંજય રમેશભાઈ મહીડા, બળવંત શંકરભાઈ બારીયા, દિલીપ ગણેશભાઈ પરમાર ને ઝડપી પાડયા હતા. ઝડપાયેલા ઈસમોની અંગઝડતીમાં ૮,૪૦૦/–રૂપીયા, દાવ ઉપર મુકેલ ૩,૯૫૦/–રૂપીયા મળી ૧૨,૩૫૦/–રૂપીયા બે મોટર સાયકલ ૩૦,૦૦૦/–રૂપીયા મળી ૪૨,૩૫૦/– રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી.

## લીમખેડાના પાલ્લી ગામે બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં ચાર વ્યકિતઓને ઈજા

લીમખેડા,

લીમખેડા તાલુકાના પાલ્લી ગામે બે મોટર સાયકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ચાર વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી.

દે.બારીઆ તાલુકાના અસાયડી ગામે રહેતા વિજય લલ્લુભાઈ બારીયા તથા સાલિયા ગામે રહેતા શૈલેષ અરવિંદ પટેલ અને વાડોદરના મહેન્દ્ર મનુ પટેલ સહિત ત્રણેય મિત્રો દાહોદ ખાતે સેન્ટરીંગનુ મજુરી કામ કરીને મોટરસાયકલ ઉપર સાંજના સમયે ઘરે આવવા માટે નીકળ્યા હતા. દરમિયાન રસ્તામાં લીમખેડા તાલુકામાં આવેલ પાલ્લી ગામે કોર્ટની સામે પહોંચ્તા પીપલોદ તરફથી પુરઝડપે હંકારી આવેલા એક મોટરસાયકલના ચાલકે તેમની મોટરસાયકલને ટકકર મારી હતી. જેને લઈ ઉકત બંને મોટરસાયકલ ઉપર સવાર ચાર વ્યકિતઓ નીચે પટકાતા અકસ્માતમાં વિજય લલ્લુ બારીયાને જમણા પગની સાથળના ભાગે તથા ધુંટણમાં ફ્રેકચર થયુ હતુ. જયારે શૈલેષ અરવિંદ પટેલને ડાબા પગના પંજામાં તેમજ જમણા પગની ધુંટણમાં ઈજાઓ પહોંચી હતી. આ તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે લીમખેડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર આપ્યા વધુ સારવાર અર્થે ગોધરા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હોવાનુ જાણવા મળ્યુ છે. બનાવ સંદર્ભે વાડોદર ગામના મનુ નાગા પટેલે નોંધાવેલી ફરિયાદના આધારે લીમખેડા પોલીસે મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરાના બોરીયાવી ગામના ૨૧ વર્ષીય યુવકે ઝેરી દવા પી જતાં સારવાર હેઠળ ખસેડાયા

શહેરા,

શહેરા તાલુકાના બોરીયાવી ગામે રહેતા ૨૧ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં દવા સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના બોરીયાવી ગામે રહેતા રાકેશ ગણપતભાઈ બારીયા ઉ.વ.૨૧ એ પોતાના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયા હતા. તેમને સારવાર અર્થે સારવાર માટે દવાખાનામાં ખસેડવામાં આવ્યા. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૮૪૪ થયો



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૯ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૯ પોઝીટીવ કેસ સાથે પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૦૩, હાલોલ–૨, કાલોલ–૪ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ

- ૦૯ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ - ૭૨.
- મૃત્યુ આંક - ૧૨૧.

અત્યાર સુધીનો કુલ આંક ૨૮૪૪ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૯ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ગોધરાના ધારાસભ્યનો હસ્તક્ષેપ : સરપંચો એ ભૂખ હડતાળ પરત ખેંચી

ગોધરા,

ગોધરા તાલુકા પંચાયતના બામરોલી ખુદ પંચાયત સહીતના અન્ય વિસ્તારોના સરપંચોને વિકાસના કામોની કામગીરીની સરખામણીમાં નિયમીતપણે બિલો મંજુર કરવામાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા મનમાની કરવામાં આવી રહી હોવાથી તેઓના વિરુદ્ધમાં સરપંચો એ બાંયો ચઢાવીને સોમવારે ભૂખ હડતાળનું શસ્ત્ર સરપંચોએ ઉગામ્યું હતું. પરંતુ ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા હસ્તક્ષેપ કરીને ટીડીઓની દિવાળી બાદ બદલી કરવાની બાંહેધરી આપવામાં આવતાં હડતાળનું સૂરસુરીયું થયું હતું.

મળેલી માહિતી મુજબ ગોધરા તાલુકાની બામરોલીખુદ ગ્રુપ ગ્રામપંચાયતના સરપંચ રમણભાઈ ચંદુભાઈ બારીઆ ચાર વર્ષથી નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકપણે સેવા આપે છે. ગ્રામપંચાયતના વિકાસ માટે તાલુકા પંચાયત ગોધરા દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૦ થી બામરોલી ખુર્દ ગામે કાલીયાકુવા રાજેન્દ્રભાઈ રવાભાઈના ઘર થી અભેસિંહ ફ. નો એપ્રોચ રોડ અંદાજીત રકમ રૂા .૧.૦૦ લાખ તથા તા. ૨૮ ૯/૨૦૨૦ થી કાલીયાકુવા ગામે હરીજન ઉદેસિંહ ગજાભાઈના ફ. સી.સી. રોડ માટે રકમ રૂા. ૧.૦૦ લાખ તથા બામરોલી ખુર્દ ગામે મોહનભાઈ ફતાભાઈ ના ઘરથી સાલમભાઈ ના ઘર તરફ નુ કામ રૂા. ૧.૦૦ ને સરકારની વિવિધ યોજનામાંથી ગામના વિકાસ માટે મંજુર કરેલ છે. અને વર્કઓર્ડર આપેલ છે.

આ કામગીરી કરવા છતાં ટી.ડી.ઓ. દ્વારા મનમાની કરીને બિલો મંજુર કરવામાં નહીં આવતા આ ટી.ડી.ઓ.ના જોહુકમી તથા કાર્ય પદ્ધતિ સામે વિરોધ દર્શાવવાનું નકકી કરવામાં આવ્યું હતું.આ ટીડીઓની મનમાની સામે સરપંચો એ સોમવારના રોજ ભૂખ હડતાળ યોજવાનું નકકી કર્યું હતું પરંતુ ધારાસભ્ય સી.કે.રાઉલજીના હસ્તક્ષેપ કરવાના કારણે સરપંચોએ હડતાળ પરત ખેંચીને સમાધાન કર્યું હતું. હવેથી આ ટી.ડી.ઓ. પાસે સરપંચો અપેક્ષા સેવી રહ્યા છે કે નિયમપ્રમાણે બિલો મંજુર કરીને ગ્રાન્ટ પ્રમાણે નાણાં ફાળવવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે. લાંબા સમયથી સરપંચ તથા ટી.ડી.ઓ. વિરૂદ્ધ વચ્ચે ચાલી રહેલા વિવાદનો ધારાસભ્યના હસ્પક્ષેપ થી અંત આવ્યો હતો.

- અગાઉ તાલુકા વિકાસ અધિકારીની જોહુકમી સામે હડતાળનું શસ્ત્ર ઉગામ્યું હતું
- સરકારની યોજનાઓ પ્રમાણે કામગીરી પૂર્ણ કરવા છતાં ચુકવણા કરવા સામે મનમાની કરાતી હતી.
- બિલો અટકાવવાની ટી.ડી.ઓ. સામે સરપંચોની તથા સભ્યોનો વિરોધ હતો.
- અવારનવાર રજુઆત કરવા છતાં ટી.ડી.ઓ. દ્વારા મનમાની કરાઈ રહી હતી.
- મનમાનીના વિરોધમાં અને ગ્રામ્ય વિસ્તારનો વિકાસ રૂંધાતા સરપંચો સોમવારથી ભૂખ હડતાળ ઉપર ઉતરવાની ચિમકી ઉચ્ચારી હતી.

## ગોધરા તાલુકા પંચાયતના ભ્રષ્ટ્રાચારના વિરોધમાં કોંગ્રેસની રજુઆત

ગોધરા,

ગોધરા તાલુકા પંચાયત વિસ્તારમાં થયેલ વિકાસના કામોમાં અનિયમિતતા ગેરરીતિ, ભ્રષ્ટ્રાચાર સામે ન્યાયીક તપાસ થવા અંગે કોંગ્રેસ ટીડીઓને રજુઆત કરી હતી.

પંચમહાલ જીલ્લા કોંગ્રેસ પ્રમુખે ટીડીઓને કરેલી રજુઆતમાં જણાવ્યું કે પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકા પંચાયત વિસ્તારમાં થયેલ વિકાસના જુદાજુદા કામોમાં અનિયમિતતા, ગેરરીતિ અને ભષ્ટ્રાચારને કારણે પ્રજાના પૈસાનો દુરઉપયોગ થયાનો ગ્રામ્ય પ્રજાજનો પાસેથી અવારનવાર અમોને લેખિત મૌખિક રજુઆતો પણ મળેલ છે.

આ સંજોગોમાં કેટલાક રાજકીય વગ ધરાવતા કોન્ટ્રાકટરો પોતાના નાણાં કઢાવવા દબાણ કરી પોતે કરેલ ખોગા કામોને દબાવી ઝડપથી નાણાં મેળવી લેવા પ્રયત્ન કરી રહયા છે. ત્યારે કામોની ગુણવત્તા જોઈ નીતિ–નિયમ પ્રમાણે ચુકવી થવા વિનંતી છે. અને જયા ગેરરીતિ અનિયમિતતા તપાસમાં બહાર આવે તેની સામે નીતિ–નિયમ પ્રમાણે પગલા ભરવા માંગ કરી હતી.

## શહેરા-ગોધરા હાઈવે ઉપર બાહી ચોકડી પાસે છકડો પલ્ટી જતાં ૪૫ વર્ષિય મહિલા મુસાફરનું મોત : ચારને ઈજા

શહેરા,

શહેરામાં ગોધરા હાઈવે ઉપર આવેલ બાહી ચોકડી પાસેથી પસાર થતાં એક છકડાના ચાલકે સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા છકડો પલ્ટી ખાઈ જતાં છકડો રોડની સાઈડમાં આવેલ ખાડામાં ખાબક્યો હતો. આ છકડામાં બેસીને દિવાળીના તહેવાર નિમિત્તે મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના વેણા ગામનો એક શ્રમજીવી પરિવાર પોતાના વતન જઈ રહ્યો હતો. તે દરમિયાન અકસ્માત સર્જાયો હતો. જેમાં રેવાબેન પર્વતભાઈ નાયકા (ઉ.વ.૪૫)ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનુ ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજયું હતુ.

## મોરવા(હ)ના ડાંગરિયા ચોકડી પાસે બે ચોર ઈસમોને ઝડપી લુંટ અને ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો

મોરવા(હ),

મોરવા(હ)તાલુકાના ડાંગરિયા ચોકડી પાસેથી એલ.સી.બી.પોલીસે બે શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડી લુંટ અને ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસ દ્વારા સોનાની વિંટી, એક બાઈક અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩૬,૨૪૯નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. બે વર્ષ પહેલા મોરવા(હ)તાલુકાના ડાંગરિયા ગામે થયેલ ચોરી તેમજ ૨૫ દિવસ પુર્વે બનેલી લુંટની ઘટનામાં સંડોવાયેલા મોરવા(હ)તાલુકાના ડાંગરિયા ગામના દિલીપ બળવંતસિંહ બારીયા અને ગોધરા તાલુકાના તરવડી ગામના પ્રવિણ મનસુખભાઈ બારીયા ચોરીનો મુદ્દામાલ વેચવાની પેરવી કરી રહ્યા છે. અને તેઓ બાઈક લઈને નીકળ્યા છે તેવી બાતમીના આધારે એલસીબી પોલીસ દ્વારા ડાંગરિયા ચોકડી પાસે નાકાબંધી કરવામાં આવી હતી. જેમાં બાતમી મુજબની બાઈક સાથે બે ઈસમો આવતા તેઓને પકડી પાડી તેઓને મોરવા(હ)પોલીસ મથકે લાવી તેઓની ઘનિષ્ઠ પુછપરછ કરાતા તેઓએ જણાવ્યુ હતુ કે, સોનાની વિંટી ડાંગરિયા ગામના બારીયા ફળિયાના રહેણાંક મકાનનુ તાળુ તોડીને ચોરી કરી હતી. જયારે આ ચોરીમાં શહેરા તાલુકાના વાઘજીપુર ગામના મનુ રામાભાઈ બારીયા, મોરવા(હ)ના બારીયા ફળિયાના પ્રભાત બારીયા, મદયપ્રદેશના ઝાબુઆ જિલ્લાના થાંદલાના બચુભાઈ હિમજીભાઈ ડિંડોર તેમજ ગરબાડા તાલુકાના વડવાના લક્ષ્મણ મુળાભાઈ કટારા અને સુમલાભાઈ જીથરાભાઈ કટારા તેમજ તેઓ સાથેના અન્ય બે ઈસમોએ ચોરી કરવામાં આવી હોવાની કબુલાત કરી હતી. આ ચોરી બાબતે મોરવા(હ)પોલીસ મથકે નોંધાયેલ વર્ષ–૨૦૧૮માં તેમજ ૨૫ દિવસ અગાઉ ડાંગરિયા ગામના બારીયા ફળિયામાં થયેલ લુંટના પ્રયાસના ગુનાનો ભેદ ઉકેલી કાઢવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા સોનાની વિંટી એક બાઈક અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩૬૨૪૯નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.